# સંબલપુરી નૃત્ય : પ્રણયના ભાવની તાલબદ્ધ પ્રસ્તુતિ

## પરંપરાગત રંગીન પહેરવેશ અને લોક વાદ્યોના તાલ સાથેનું સંબલપુરી નૃત્ય ઓરિસ્સાની લોક-કલા સંસ્કૃતિ પ્રસ્તુત કરે છે : વસંતોત્સવના માધ્યમ થકી ગાંધીનગર વાસીઓએ માણી ઓરિસ્સાની પરંપરાગત લોકકલા

ગાંધીનગર, તા. ૨૦

આપણાં દેશની ભવ્યતા તેના વૈવિધ્યપૂર્ણ કલા વારસા અને સંસ્કૃતિથી ઝગમગે છે. ભારતીય ઉપખંડમાં કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી તેમજ આસામથી લઈને ગુજરાત સુધી વિવિધ સંસ્કૃતિઓ અને લોકપરંપરાઓનું આગવું સ્થાન છે. વસંતોત્સવ આ લોક પરંપરાઓ, લોકકલાઓ અને સંસ્કૃતિને અનેક કલા રસિકો સુધી પહોંચાડવાનું માધ્યમ બન્યો છે. ગાંધીનગરના આંગણે સાબરમતી નદીના તટે સંસ્કૃતિકુંજ ખાતે ઉજવાતા વસંતોત્સવમાં દેશભરના કલા રસિકો અને કલાકારો ભાગ લઈને મોટા જનસમૂહ સુધી એમની છાપ છોડે છે. દર વર્ષે લોકનૃત્યો વસંતોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતાં આવ્યા છે તેમજ જે તે પ્રદેશની કલાને લોકો સુધી પહોંચાડતા આવ્યા છે. અનોખી વેશભૂષા અને પરંપરાગત સંગીત નૃત્યથી દર્શકોને તરબોળ કરી દેનાર એવું જ એક નૃત્ય એટલે સંબલપુરી નૃત્ય.





સંબલપુરી નૃત્ય ઓરિસ્સાની લોકસંસ્કૃતિનું પ્રતીક છે. ઓરિસ્સાના સંબલપુર આસપાસના જિલ્લાના લોકોનું આ પારંપરિક નૃત્ય છે. મોટાભાગે આ લોકનૃત્યમાં તહેવારની ઉજવણી, દાંપત્ય પ્રેમ અને પ્રકૃતિને દર્શાવાય છે. આ નૃત્યમાં આદિવાસી અને ગ્રામીણ લોકસંસ્કૃતિના દર્શન થાય છે. આ નૃત્ય મહિલાઓ અને પુરુષ સંયુક્તરૂપે કરે છે જેમાં મહિલાઓ નૃત્ય કરે છે અને પુરુષો વિવિધ પરંપરાગત લોક વાદ્યો વગાડે છે. આ વાદ્યોમાં ઢોલ, નિસાન, તાસુ, ઝાંઝ, ડંડૂઆ ઢોલ, મહુરી સહિતના વાદ્યો હોય છે. સંબલપુરી લોકનૃત્ય ઓરિસ્સાની સાથે સાથે સમગ્ર દેશમાં પણ લોકપ્રિય નૃત્ય છે. આ નૃત્યમાં મોટેભાગે રાધા કૃષ્ણની પ્રેમ કહાની, રામાયણ, મહાભારતના પ્રસંગો, પ્રકૃતિ અને તહેવારોને સાંકળીને અલગ અલગ રીતે આ નૃત્ય કરવામાં આવે છે.

સંબલપુરી નૃત્યમાં કલાકારોનો પહેરવેશ ઉડીને આંખે વળગે એવો હોય છે. મહિલાઓ રંગીન સંબલપુરી સાડી, ખભા પર અલગથી દુપટ્ટો પહેરે છે. વાળને પક્ષીઓના પીંછાથી સજાવે છે. આ સિવાય સ્થાનિક આભૂષણો કટરિયા, બાંદ્રીયા અને ભાટી જેવી ચાંદીની વસ્તુઓ પહેરે છે ઉપરાંત માથે ગજરો અને સિક્કા જડેલી માળા પહેરે છે. પુરુષો ગળામાં મણકાની માળા- ખગલા, ધોતી, કલાત્મક કોટિ અને પગમાં કડલાં પહેરે છે.

પરંપરાગત લોકગીતના તાલ સાથે મહિલાઓ નૃત્યની શરૂઆત કરે છે.નૃત્યમાં મહિલાઓ અનોખી રીતે અટકી અટકીને નૃત્ય કરે છે. ઢોલના તાલ સાથે મહિલાઓ પગને એક સાથે આગળ મૂકે છે અને ઢીંચણથી વાળે છે. નૃત્ય દરમિયાન હરોળ બનાવીને તાલ સાથે આગળ પાછળ ગતિ સાથે વર્તુળ બનાવીને ઝૂમી ઉઠે છે.

સંબલપુરી નૃત્યના કલાકાર મનોજ કુમાર નૃત્ય વિશે જણાવે છે કે ઓરિસ્સામાં દશેરા પર ભાઈ બહેનના પ્રેમને લઈને પૂજા થાય છે જેને 'ભાઈ જીતીયા' કહેવામાં આવે છે. ભાઈની લાંબી ઉંમર માટે બહેનો ઉપવાસ રાખીને પૂજા કરે છે. વસંતોત્સવના સંબલપુરી નૃત્યમાં'ભાઈ જીતીયા'ને અનુલક્ષીને નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

સંબલપુરી નૃત્યના કલાકારો ઓરિસ્સાના કોશલ ફોક એકેડેમીના વિદ્યાર્થીઓ છે. અગાઉ તેઓએ દિલ્હીના રાજઘાટ પર ૨૬મી જાન્યુઆરીની પરેડમાં વંદે ભારત નૃત્ય મહોત્સવમાં સંબલપુરી નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. જ્યાં તેમણે ગ્રાન્ડ ફિનાલે સુધી પહોંચીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ગુજરાતમાં તેઓ પહેલીવાર આવ્યા છે. આ અગાઉ તેઓ નાગાલેંડ, ઈન્દોર, કેરળ, પંજાબ વગેરે જગ્યાએ જઈને નૃત્યની પ્રસ્તુતિ કરી છે.

સંબલપુરી નૃત્યની શરૂઆતમાં સ્ટેજને ઊર્જાથી ભરી દેનાર ઢોલક વાદક અને કલાકાર હિમાંશુ નાયક કહે છે કે ગુજરાતના વસંતોત્સવમાં પ્રસ્તુતિ કરીને તેમણે ઘણું સારું લાગ્યું. ગુજરાતનાં દર્શકો અને કલા રસિકોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. નૃત્ય બાદ જ્યારે તેઓ સ્ટેજ બહાર નીકળે છે તો સેલ્ફી માટે લોકોની લાઈન લાગી જાય છે.એમની વાત સાચી છે, ગુજરાતને આંગણે કલાકારોનું અને કલારસિકોની ભાવનાનું ખરું સન્માન થાય છે અને એ જ વસંતોત્સવની ખરી ઉપલબ્ધિ છે

# સેક્ટર-૨૨માં ખાડાનું સામ્રાજ્ય : ટ્રક ફસાઈ




ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં ઠેર ઠેર વિવિધ વિકાસ કાર્યો ચાલી રહ્યા છે જેના કારણે અનેક માર્ગો પર ખોદકામ કરેલું જોવા મળે છે શહેરના સેક્ટર-૨૨માં ઘણા સમયથી ખાડાનું સામ્રાજ્ય હોય તેવી સ્થિતિ સર્જાઈ છે તેમાં પણ માવઠાનો ધોધમાર વરસાદ થવાને કારણે પાઈપલાઈનો માટે ખોદેલા ખાડાઓમાં અપૂરતા માટી પુરાણને કારણે ચોમાસાની જેમ અત્યારે પણ ભુવા સર્જાઈ રહ્યા છે. સેક્ટર ૨૨માં આવા જ એક ખાડામાં આજે એક મોટી ટ્રક ફસાઈ જવા પામી હતી જેના કારણે એક તરફનો આખો રસ્તો બ્લોક થઈ જવા પામ્યો હતો.

# કોબા સર્કલ પાસેથી ચોરીના ૩૦ મોબાઈલ સાથે યુવક ઝડપાયો

**તાત્કાલીક ફોન કરવાનું કહીને નાગરીકો પાસેથી મોબાઈલ લઈ જતો રહેતો હતો**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કોબા સર્કલથી અમદાવાદના યુવકને ચોરીના ૩૦ મોબાઈલ સાથે એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. આ યુવક અર્જન્ટ ફોન કરવાના બહાને નાગરીકો પાસેથી મોબાઈલ ફોન લઈ નાસી જતો હતો. ત્યારે પોલીસે યુવક પાસેથી કુલ રૂ.૧,૩૧,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરમાં મોબાઈલ ચોરીએ માજા મુકી છે. માર્ગ પર મોબાઈલ ફોન પર વાત કરવાનું પણ સલામત રહ્યું નથી. ત્યારે પોલીસે વિવિધ ટીમો બનાવી સઘન પેટ્રોલીંગ કરવાની સુચના આપી હતી. જેથી સ્ટાફના જવાનો અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે કોબા સર્કલ બાલાપીર જતા માર્ગ પર અંબાપુર ગામના પાટીયા નજીક રોડ ઉપર એક શખ્સ શંકાસ્પદ હાતલમાં ઉભો છે. જે બાતમીને પગલે ટીમના જવાનોએ ભાવેશ ગંગાદાસ ભરવાડ (રહે, નાનુનગર તલાવડીની પાસે અસલાલી તા.દશક્રોઈ, જી.અમદાવાદ મુળ રહે. બોડીયા ગામ તા.રાણપુર) ને દબોચી લીધો હતો. પોલીસે તેની પાસેથી કપડાની થેલીની તપાસ કરતા વિવિધ કંપનીના ૩૦ નંગ એન્ડ્રોઈડ તેમજ કીપેડ મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

પોલીસે આ શખ્સની પુછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે છેલ્લા અઢી માસ દરમિયાન નાના ચિલોડા થી મોટા ચિલોડા તરફ જતા માર્ગ પર કોબા સર્કલ થી બાલાપીર સર્કલ જતા રોડ પર અને વૈષ્ણોદેવી સર્કલ થી અડાલજ તરફ જતા રોડ પર ઉભા રહેલા નાગરીકો પાસેથી તાત્કાલીક ફોન કરવાનું બહાનું કરી મોબાઈલ વાત કરવા માટે લેતો હતો. ત્યારબાદ તકનો લાભ ઉઠાવીને તે ભાગી જતો હતો. ત્યારે એલસીબી પોલીસે તેની પાસેથી ૩૦ નંગ મોબાઈલ કિં.રૂ.૧,૩૧,૫૦૦ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરના સેક્ટર-૩૦ સર્કલ પાસે અજાણ્યા વાહનની અડફેટે યુવકનું મૃત્યુ

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ સર્કલ થી અક્ષરધામ તરફના માર્ગ પર બોરીજ કટ પાસે હીટ એન્ડ રનની ઘટના બની હતી.જેમાં અજાણ્યા વાહનની અડફેટે યુવકને ગંભીર ઈજા પહોંચતા મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના દહેગામ તાલુકાના પાલુન્દ્રા ખાતે રહેતા જગતસિંહ તખતસિંહ બારૈયાના કાકાના દિકરા ફુલસિંહ ઉર્ફે કાળુસિંહ ખોડસિંહ બારૈયા સેકટર-૩૦ સર્કલ પાસે ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે અડફેટે લઈને નાસી ગયો હતો. આ બનાવમાં ફુલસિંહને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઘુમાસણ બ્રિજ નીચેથી ત્રણ માસની બાળકી મળી આવી

ગાંધીનગર, તા.૨૦

રાજયના મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઘુમાસણ ગામના અંડર બ્રિજ નીચેથી આજે બપોરના સમયે ત્રણ માસની ત્યજી દીધેલી બાળકી મળી આવી છે. ગાંધીનગરના નારદીપુર લોકેશનની ૧૦૮ ને કોલ આવતા ટીમ તાત્કાલીક પહોંચી ગઈ હતી. જયારે આ બાળકીને હાલ ગાંધીનગર સિવિલ ખાતે લાવવામાં આવી છે.જયારે તંદુરસ્ત બાળકીને હાલ સિવિલના પીઆઈસીયુ વોર્ડમાં રાખવામાં આવી છે. જયારે બાળકીના માતા-પિતાની શોધખોળ પોલીસે શરુ કરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

● ગઈકાલે શહેર-જિલ્લામાં થયેલા વરસાદથી ગંદકીનું વાતાવરણ સર્જાયુ છે. પાણી ભરાઈ રહેવાની તેમજ યોગ્ય પુરાણ નહિ થયુ હોવાથી કાદવ-કિચડની સ્થિતિ શહેરમાં જોવા મળી રહી છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ આજે કડક રિવ્યુ ઈ.શ્રમના લાભાર્થીઓની નોંધણીને લઈ કર્યો હતો.

● ગાંધીનગર આત્મા પ્રોજેક્ટ દ્વારા પશુપાલનને લઈ મહિલાઓની તાલિમ શિબિરનું આયોજન કર્યુ હતુ.

● કમોસમી વરસાદને કારણે જિલ્લામાં ૫ થી ૬ પોલ પડી જવાની તેમજ બે થી ૩ ટ્રાન્સફોર્મર બળી ગયાની ઘનટાઓ યુ.જી.વી.સી.એલ.માં નોંધાઈ છે.

● કલોલ પોલીસે વિદેશી દારૂની ૯૬ બોટલો સાથે રિક્ષામાંથી આરોપીને દબોચી લીધો છે.

● કડાદરાની સીમમાંથી જુગાર રમતા ૪ શખ્સો રૂ. ૧ લાખથી વધુ રોકડ સાથે ઝડપાયા.

● કર્ણાવતી યુનિ.ના કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરી રહેલા ત્રણ યુવાનોને મધર ડેરી પાસે અકસ્માત નડ્યાની ઘટના નોંધાઈ છે.

● ખોરજ પાસે પરપ્રાંતિય યુવકને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતાં સારવાર દરમ્યાન મોત થયુ છે.

● ગાંધીનગર પોલીસે કલોલ રોડ પરથી ૨૨૬૯૦ કિ.ગ્રા. કેમીકલ કચરો ભરેલ ટ્રક ઝડપી ફરિયાદ દાખલ કરેલ છે.

● સરગાસણના યુવકના ખિસ્સામાંથી ૪૭ હજારની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે.

● કલ્યાણજીના મુવાડા ગામે આંગણવાડી અને પ્રા. શાળાના મકાનમાંથી ગેસની બોટલ અને ૯ કિલો જેટલા તેલની ચોરી થયાની ઘટના પોલીસમાં નોંધાઈ છે.

● ગાંધીનગર જિલ્લામાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે શ્રી ગોગા સિકોતર સેવાટ્રસ્ટ બાલવા દ્વારા ચકલીના માળાઓનું વિતરણ કરાયુ હતુ.

● રાષ્ટ્રીય શૈક્ષિક યોજના એવમ્ પ્રશાસન સંસ્થા દ્વારા જિલ્લાના પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી ભરત વાઢેરની પસંદગી શ્રેષ્ઠ સેવાના એવોર્ડ માટે કરવામાં આવી છે.

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આજે વિશ્વ વન દિવસ અને કવિતા દિવસ અંતર્ગત કાવ્ય મહેફિલનું પુનિતવન ખાતે આયોજન કરાયુ છે.

● સે. ૭-એ ખાતે પર્યાવરણ પ્રેમી દ્વારા ચકલી માળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રવેશ માટે પાસ સિસ્ટમનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

આજ થી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાસ સિસ્ટમનો પ્રારંભ થઈ ગયો છે. ગાંધીનગર સિવિલમાં સારવાર લઈ રહેલા દર્દીને માત્ર બપોરે ૩ થી ૫ ખબર-અંતર પુછી શકાશે. સિવિલમાં ઈન્ડોર દર્દીઓ પાસે સ્નેહીજનો મોટીસંખ્યામાં રહેતા હતા. પરંતુ હવે તે રહી શકશે નહી, કારણ કે સિવિલ તંત્ર દ્વારા ઈન્ડોર દર્દીના સગા માટે માત્ર બે જ પાસ ઈશ્યુ કરાશે. જયારે દર્દી સાથે બે થી વધુ વ્યકિતઓની જરુર હોય તેવા ખાસ કિસ્સામાં સિવિલ સત્તાધિશ દ્વારા એકસ્ટ્રા પાસ આપવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાસ સિસ્ટમ કાર્યરત થતા જ સિક્યુરીટી સ્ટાફના જવાનોનું કામનું ભારણ વધી જશે. હોસ્પિટલમાં જયાં જયાં ઈન્ડોર દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે તમામને બે પાસ ઈશ્યુ કરાશે.જયારે તાત્કાલીક વિભાગમાં એડમીટ અંગે ફાઈલ કઢાવો તે સાથે




જ પાસ પણ આવી દેવામાં આવશે અને આ પાસ દર્દીના સગાઓએ ખાસ પહેરવા પડશે.

જયારે એનઆઈસીયુ, ગાયનેક, સહિતના વિભાગમાં પણ પ્રવેશદ્વાર પર કડક પહેરો ગોઠવવામાં આવશે. જયારે ૬૦૦ બેડની હોસ્પિટલમાં તમામ દરવાજા બંધ કરી માત્ર એક જ પ્રવેશ દ્વાર રાખવામાં આવશે. જયારે દર્દી સાજા થઈ ને ઘરે જાય તે સમયે પાસ જમા કરાવવા પડશે. દર્દીના સગા પાસે અનિવાર્ય સંજોગોમાં પાસ ખોવાઈ જશે, તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

જયારે રાત્રીના સમયે રાઉન્ડ દરમિયાન જે તે વ્યકિતને વોર્ડ ઈન્ચાર્જ દ્વારા પાસ જમા કરાવવાના રહેશે. જયારે પાસ સિસ્ટમ અંગે સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિ લાખાણીએ જણાવ્યું હતુ કે પાસ સિસ્ટમ કાર્યરત રહેતા દર્દીઓના સગાઓનો ધસારો ઓછો થઈ જશે. જયારે દર્દીને ઈન્ફેંકશન નહીં લાગે, દર્દીઓને સ્વચ્છતા સાથે શાંત વાતાવરણ મળી રહેશે અને સિવિલની વ્યવસ્થા પણ જળવાશે. તે ઉપરાંત સિવિલમાં અસામાજીક પ્રવૃતિઓ ઉપર અંકુશ આવશે.



આગણીસમી માર્ચ એટલે વર્લ્ડ પપેટ્રી ડે... હાલના ડીજીટલ યુગમાં આપણી પરંપરાગત કળા પપેટ (કઠપુતલી) મૃતપ્રાય થઈ રહી છે ત્યારે પપેટ્રી આર્ટમાં સંપૂર્ણ જીવન ગાળનાર અને વિશ્વ લેવલે ગુજરાતની પપેટ કળાને પહોંચાડનાર રમેશભાઈ જોષીએ ગાંધીનગર સ્થિત કલાશ્રી ડૉલ્સનાં સ્થાપક અને વિશ્વ વિખ્યાત ડૉલ્સ ડિઝાઈનર શ્રીમતી રંજનબહેનને આ દિવસે પપેટ અર્પણ કરી ઉજવણી કરી હતી.

## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા ચકલીઘર અને માસ્કનું વિતરણ

ગાંધીનગર, તા.૨૦

આજે વિશ્વ ચકલી દિવસ નિમિતે સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને લાઈબ્રેરીઓના યુવાનો તેમજ વિવિધ સમાજના પરિવારોના ઘરે-ઘરે બે ચકલી ઘર અને રેડક્રોસના ૫ માસ્ક વિતરણ કરવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા ૫૦૦ ચકલી ઘર અને ૫૦૦ માસ્ક વિતરણ કર્યા હતા. આ પ્રસંગે સમાજના સૌ સભ્યો હાજર રહ્યા હતા. શહેરમાં ચકલી ઘર વિતરણ અને માસ્ક વિતરણના કાર્યને નગરજનોએ બિરદાવ્યો હતો.

## શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનના ખજાનચી તરીકે વિનોદ ઉદેચાની નિમણુંક



શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનના પ્રમુખ પ્રવીણભાઈ ખીમજીભાઈ ચંદેના વડપણમાં અમદાવાદ ખાતે મળેલ ટ્રસ્ટીગણની બેઠક માં અનેક ક્ષેત્રે સેવારત ગાંધીનગર ના સમાજીક/ રાજકીય અગ્રણી જલારામ બાપા ના કૃપાપાત્ર ભકત વિનોદકુમાર વાલજીભાઈ ઉદેચા ની ખજાનચી તરીકે ગૌરવરૂપ વરણી થવા બદલ અભિનંદન સહ સફળતાની શુભકામનાઓ પાઠવી હતી.

# ભાટ ટોલટેક્ષ પાસે એકની પાછળ એક ગાડી ટકરાઈ

**તમામ વાહનોને ભારે નુકશાન થયું હતું : ઈન્ફોસીટી પોલીસે થાર જીપના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ભાટ ટોલટેક્ષ પાસે ગતરોજ સાંજના સમયે વીઆઈપી સલામતી કાફલાની એડવાન્સ એસ્કોર્ટ ગાડીની પાછળ એક પછી એક ગાડી ટકરાતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં તમામ વાહનોને ભારે નુકશાન થયું હતું. જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે થાર જીપના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરમાં વીઆઈપી સુરક્ષામાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ ગઈકાલે વીઆઈપી મુવમેન્ટ અગાઉ એડવાન્સ એસ્કોર્ટ ગાડીમાં ટીમનો બંદોબસ્ત માટે અમદાવાદના નિકોલ ખાતે જવા માટે નીકળ્યા હતા. તેઓ ભાટ ટોલટેક્ષ પસાર કરી પોણા સાત વાગ્યાના અરસામાં સાબરમતિ નદીનો બ્રિજ પસાર કરી રહ્યા હતા. તે સમયે બ્રિજ સાંકડો હોવાથી એસ્કોર્ટની ગાડી ધીમી પડી હતી. આ સમયે અચાનક પાછળથી આવી રહેલી થાર ના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી એસ્કોર્ટ ગાડીને ટકરાઈ હતી. જેને પગલે એસ્કોર્ટ ગાડી આગળ બાઈક સાથે અથડાઈ હતી. તે સમયે જ થારને પાછળથી કીયા કારના ચાલકે ટકકર મારતા થાર એસ્કોર્ટ ગાડી સાથે ટકરાઈ હતી. બનાવ બાદ તાત્કાલકી અસરથી એસ્કોર્ટ ગાડીને સાઈડમાં કરી દીધી હતી. કાળા કલરની નંબર પ્લેટ વિનાની થાર તેમજ જી.જે.૧૮.બી.એમ.-૭૪૩૫ નંબરની કીયા કાર હતી.

જયારે બાઈક ચાલકને કોઈ ઈજા પહોંચી ન હતી. જયારે એસ્કોર્ટ ગાડીને બંન્ને બાજુથી નુકશાન થયું હતું.જયારે થાર તેમજ કીયા કારને પણ નુકશાન થયું હતું. પોલીસે થારના ચાલકનું નામ પુછતા તેણે પ્રિન્સ જાગેડ અને અમદાવાદ નિર્ણયનગર રહેતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે થાર ગાડીના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



કડી સ્કૂલના બાળકોને લેવા મુકવા આવતી એક સ્કૂલવાનમાં અચાનક જ આગ લાગી ગઈ હતી. જો કે કોઈ જાનહાની થાય તે પહેલા અહીં ફરજ પર તહેનાત ટ્રાફિકબ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગને ઓલવી નાંખી હતી.